**સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવત કામો અંગે તા.૧૯-૮-૨૦૦૦ના રોજ મા.એડમીનીસ્ટ્રેટરશ્રીએ નીચે મુજબનો ઠરાવ કર્યો હતો :-:**

◊◊◊◊◊◊◊◊◊◊

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૮-૮-૨૦૦૦ ના પત્ર નં.સીસાસ/૮૪ થી વિદિત થઈ, પૂર નિયોજન સમિતિના ઠરાવ નં.૬૪/૯૯ થી નગર રચના યોજના નં.૪૨(જહાંગીરાબાદ)ને તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ અને તેની પ્રસિધ્ધિ સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં તા.૩૦-૧૦-૯૯ ના રોજ સેન્ટ્રલ પાર્ટ - II ગેઝેટમાં તેમજ સ્થાનિક દૈનિકપત્રો "ગુજરાત સમાચાર" અને "ગુજરાત પ્રભાત"માં તા.૨-૧૧-૯૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ તથા તેના નિયમો ૧૯૭૯ની જોગવાઈઓ મુજબ નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી યોજનાથી અસર પામતા હિત સંબંધ ધરાવનારાઓ તરફથી વાંધા/સૂચનો માંગવા, નગર નિયોજન સમિતિના તા.૨૬-૫-૨૦૦૦ ના ઠર્સં.૪૮/૨૦૦૦થી મુસદ્દાને પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ અંગે ઉકત કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરી, સરકારશ્રીના રાજયપત્રમાં તા.૬-૬-૨૦૦૦ ના રોજ અધિસૂચન પ્રસિદ્ધ કરવામાં આવેલ અને સ્થાનિક દૈનિકપત્રો "ગુજરાતમિત્ર" તથા "નવનિર્માણ"માં તા.૭-૬-૨૦૦૦ ના રોજ અધિસૂચન પ્રસિધ્ધ કરી, વાંધા/સૂચનો મંગાવવામાં આવેલ. જે અન્વયે સમયમર્યાદામાં આવેલ વાંધા/સૂચનોનો અભ્યાસ કરી મુસદ્દા રૂપ નગર રચના યોજના નં.૪૨(જહાંગીરાબાદ) તૈયાર કરવામાં આવેલ છે.

સદર મુસદ્દારૂપ નગર રચના યોજના ઉકત કાયદાની કલમ-૪૮ (૧) મુજબ સમયમર્યાદામાં એટલે કે તા.૫-૯-૨૦૦૦ સુધીમાં સરકારશ્રીમાં મોકલવાની રહે છે. જેથી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૨ (જહાંગીરાબાદ) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૮ (૧) હેઠળ સરકારશ્રીની મંજુરી મેળવવા માટે સરકારશ્રીમાં સાદર કરવા મ્યુ.કમિશનરશ્રીને જરૂરી કાર્યવાહી કરવા અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**એડમીનીસ્ટ્રેટર (કોર્પોરેશન) ઠરાવ નં.૧૩૯/૨૦૦૦ મંજુર.**

---

**સ.ર. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.
તા.૨૨-૮-૨૦૦૦.

*Mehta.......*